# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 25-03-2026**
**Day : WEDNESDAY**

**Evening : 7.10 to 7.20 pm**
**Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રીટા દવે** વાંચે છે.

---

1) **ગુજરાત વિધાનસભાનું અંદાજપત્ર સત્ર આજે પૂર્ણ- અનેક મહત્વના વિધેયક પસાર.**

2) **કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે સમાન નાગરિક સંહિતા વિધેયક પસાર થવા બદલ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને અભિનંદન પાઠવ્યા.**

3) **કૃષિ વિભાગના 148 ઘટકોની સહાય માટે 'આઈ-ખેડૂત' પોર્ટલ આગામી 27 માર્ચથી ખુલ્લું મુકાશે.**

4) **ઉમરેઠ વિધાનસભા બેઠકની પેટાચૂંટણી સંદર્ભે ઓપિનિયન પોલ અને ‘એક્ઝિટ પોલ’ પ્રતિબંધ.**

5) **અખિલ ભારતીય આંતર યુનિવર્સિટી જુડોની સ્પર્ધામાં આર્યન પટેલ અને રમેશ ચૌધરીએ કાંસ્ય ચંદ્રક જીત્યો.**

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# VIDHANSABHA CLINICAL BILL

ગુજરાત વિધાનસભાનું અંદાજપત્ર સત્ર આજે પૂર્ણ થયું. સત્ર દરમિયાન અનેક મહત્વના વિધેયક પસાર કરાયા. ગૃહમાં આજે ગુજરાત ચિકિત્સા સંસ્થાઓ-નોંધણી અને નિયમન સુધારા વિધેયક 2026 વિના વિરોધે પસાર થયું. આ સુધારા અનુસાર નોંધણી માટે 30 એપ્રિલ, 2026 સુધીની મર્યાદા દૂર કરાઈ છે હવે રાજ્ય સરકાર જાહેરનામા દ્વારા વખતોવખત મુદત નક્કી કરી શકશે. આ અંગે વધુ માહિતી આપતા આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરિયાએ કહ્યું, આ વિધેયકથી આરોગ્ય સેવાઓની ગુણવત્તા જળવાઈ રહેવાની સાથે નાગરિકો છેતરપિંડીનો ભોગ બનતા અટકશે.

(Byte: Praful Panchsheriya, Health Minister)

# VIDHANSABHA GUJCTOC

ગુજરાત વિધાનસભામાં આજે 'ગુજરાત આતંકવાદ અને સંગઠિત ગુના નિયંત્રણ (સુધારા) વિધેયક-2026' વિના વિરોધે પસાર થયું. આ સુધારા વિધેયક અનુસાર-૨૦૧૫ના મૂળ કાયદામાં કોઈ ફેરફાર કરાયો નથી પરંતુ આતંકવાદી કૃત્યોને લગતી જોગવાઈઓ દૂર કરવામાં આવી છે. જેનાથી કાયદો ભારતીય ન્યાય સંહિતાને અનુરૂપ બનશે તેમ કેબિનેટ મંત્રી અર્જુન મોઢવાડિયાએ જણાવ્યું. આ સુધારા વિધેયક દ્વારા જૂના કાયદાકીય સંદર્ભોના સ્થાને નવી ‘ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, 2023’ નો અમલ સુનિશ્ચિત કરાશે તેમ તેમણે ઉમેર્યું હતું.

# VIDHANSABHA BILLS

રાજ્યના મહેસૂલ મંત્રી સંજય સિંહ મહીડાએ આજે વિધાનસભા ગૃહમાં અશાંત ધારાનું સુધારા વિધેયક રજૂ કર્યું. વિધેયકની નવી જોગવાઈઓ અંગે ગૃહમાં માહિતી આપતા શ્રી મહિડાએ કહ્યું, સ્થાવર મિલકતની તબદીલી બાબતે વિશેષ સમિતિ અને સલાહકાર સમિતિની રચના કરાશે. સ્થાવર મિલકત તબદીલ કરનાર અરજદારે કલેક્ટરને અરજી કરવાની રહેશે. જિલ્લા કલેક્ટર તબદીલી કરવા બાબતે નિર્ણય લઈ શકશે.

ગૃહમાં આજે ગુજરાત શૈક્ષણિક સંસ્થા સેવા ટ્રિબ્યુનલ સુધારા વિધેયક પણ પસાર થયું. જે અંગે શિક્ષણ મંત્રી ડૉ. પ્રદ્યુમ્ન વાજાએ કહ્યું, આ વિધેયકથી 11 યુનિવર્સિટી માટે એકજ કાયદો લાગુ થશે.

# SHAH- UCC

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે - ગુજરાત વિધાનસભા દ્વારા સમાન નાગરિક સંહિતા –UCC વિધેયક પસાર થવા બદલ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને અભિનંદન આપ્યા. સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી શાહે કહ્યું કે ભાજપની સ્થાપનાથી જ દેશના દરેક નાગરિક માટે એક સમાન કાયદો બનાવવાનો અમારો સંકલ્પ રહ્યો છે. તેમણે કહ્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભાજપ રાજ્ય સરકારો આ દિશામાં સતત આગળ વધી રહી છે. તેમણે ઉમેર્યું કે દેશને તુષ્ટિકરણના આધારે નહીં, પરંતુ તમામ નાગરિકો માટે સમાન કાયદાના આધારે ચલાવવામાં આવે.આ ભાજપ સરકારની પ્રાથમિકતા અને સંકલ્પ છે.

# I-KHEDUT PORTAL

વર્ષ 2026-27માં કૃષિ વિભાગના 148 ઘટકો હેઠળ સહાય મેળવવા 'આઈ-ખેડૂત' પોર્ટલ આગામી 27 માર્ચથી એક મહિના માટે ખુલ્લું મુકાશે. આ જાહેરાત કરતાં કૃષિ મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું હતું કે, અંદાજપત્ર પસાર થયાના ગણતરીના દિવસોમાં જ નવા વર્ષ માટે પોર્ટલ ખુલ્લું મૂકવા વાળો કૃષિ વિભાગ સંભવતઃ રાજ્યનો પ્રથમ વિભાગ બનશે. ખેતીવાડી ખાતાના 42, બાગાયત ખાતાના 94 અને પશુપાલન ખાતાના 12 ઘટકો માટે ખેડૂતો અરજી કરી શકશે. ખેડૂતો આધાર ઓથેન્ટિકેશન દ્વારા પોતે અથવા ગ્રામ પંચાયત સ્તરેથી નોંધણી કરાવી શકશે.

# PETROL - DIESEL DAANG

ડાંગ જિલ્લામાં પેટ્રોલ-ડીઝલનો જથ્થો પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ છે. જો કોઈ વ્યક્તિ દ્વારા કૃત્રિમ અછત ઊભી કરવાનો પ્રયાસ અથવા સંગ્રહખોરી કરાશે, તો તેની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. આ ઉપરાંત અફવાઓ પર ધ્યાન ન આપવા ડાંગ જિલ્લા પુરવઠા અધિકારી યુ વી પટેલે અનુરોધ કર્યો.

**(Byte U V Patel - Dang District Supply Officer)**

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.....................................

DESK

# GANDHINAGAR – APPOINTMENT LETTER AWARD CEREMONY

ગાંધીનગર ખાતે કૃષિ અને પશુપાલન મંત્રી જીતુ વાઘાણી તેમજ રાજ્ય મંત્રી રમેશ કટારાની ઉપસ્થિતિમાં નવનિયુક્ત બીજ અધિકારી અને પશુધન નિરીક્ષકોને નિમણૂક પત્ર એનાયતનો સમારોહ યોજાયો. કાર્યક્રમ દરમિયાન કૃષિ અને પશુપાલન મંત્રીના હસ્તે નવનિયુક્ત ૩૪ બીજ અધિકારી તથા ૧૧ પશુધન નિરીક્ષકોને નિમણૂક પત્ર એનાયત કરવામાં આવ્યા હતા.

કૃષિ મંત્રીશ્રીએ નવનિયુક્ત ઉમેદવારોને શુભકામનાઓ પાઠવતા જણાવ્યું  કે, કૃષિ અને પશુપાલન વિભાગમાં કામ કરવું એ માત્ર નોકરી નથી, પણ અન્નદાતાની સેવાની એક ઉત્તમ તક છે.

# UMRETH ELECTION

આણંદ જિલ્લાની ઉમરેઠ વિધાનસભા બેઠકની પેટાચૂંટણી સંદર્ભે પ્રચાર માધ્યમો માટે 'એક્ઝિટ પોલ' અને 'ઓપિનિયન પોલ' અંગે રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારીએ માર્ગદર્શક સૂચનાઓ જાહેર કરી છે. તે અનુસાર ઉમરેઠ 'ઓપિનિયન પોલ' અને 'એક્ઝિટ પોલ' પર પ્રતિબંધ લગાવાયો છે. સત્તાવાર યાદીમાં જણાવ્યા અનુસાર 9 એપ્રિલ સવારે 7 વાગ્યાથી 29 એપ્રિલ સાંજના સાડા 6 વાગ્યા દરમિયાન પ્રિન્ટ કે ઇલેક્ટ્રોનિક મીડિયા કોઈપણ પ્રકારના 'એક્ઝિટ પોલ' કે તેના પરિણામો પ્રકાશિત નહીં કરી શકે. સાથે જ અન્ય કોઈપણ રીતે તેનો પ્રચાર-પ્રસાર કરવા પર પણ પ્રતિબંધ મૂકાયો છે.

ઉપરાંત મતદાનનો સમય સમાપ્ત થતો હોય તે સમય પૂર્વેના 48 કલાક દરમિયાન કોઈપણ ઇલેક્ટ્રોનિક મીડિયા કોઈપણ 'ઓપિનિયન પોલ' કે અન્ય મતદાન સર્વેક્ષણના પરિણામો સહિત ચૂંટણી સંબંધી કોઈપણ પ્રકારનું સર્વેક્ષણ પ્રદર્શિત કરી શકશે નહીં.

# PATAN – HAJ YATRI TRAINING CAMP

પાટણ જિલ્લામાંથી આગામી એપ્રિલ માસમાં હજયાત્રાએ જનાર આશરે 300 જેટલા હાજીઓનો તાલીમ કેમ્પ યોજાયો. આ કેમ્પમાં હજયાત્રીકોને લોજિસ્ટિક તાલીમ તેમજ હજયાત્રા દરમિયાન સાવચેતી અંગે સમજ આપવામાં આવી હતી. આ અંગે હજ ખિદમત કમિટીના સભ્ય રહીશ અહેમદ અબ્બાસીએ વધુ માહિતી આપી.

(Byte - Hajj Khidmat Committee Member

Rahish Ahmed Abbasi)

# NARMADA –PARIKRAMA

નર્મદા જિલ્લામાં 19 માર્ચ થી ઉત્તરવાહિની પરિક્રમા પ્રાંરભ થઈ છે. જેમાં આજ દિન સુધી 1 લાખ 12 હજારથી વધુ શ્રદ્ધાળુઓએ માં નર્મદાની પરિક્રમા કરી છે. પરિક્રમાર્થીઓને સ્વાસ્થ્ય સંદર્ભે કોઈ મુશ્કેલી ન સર્જાય તેની પુરતી કાળજી રાખવા સાથે પરિક્રમા રૂટ ઉપર આરોગ્ય વિભાગ દ્વારા કુલ 8 સ્થળો પર 24 કલાક, એમ્બ્યુલન્સ સહિતની મેડિકલ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે.

આ ઉપરાંત પરિક્રમામાં જાહેરનામા મુજબ નાવડીમાં બેસનાર તમામ પેસેન્જરે ફરજિયાત લાઇફ જેકેટ પહેરવાનું રહેશે.લાઇફ જેકેટ નહીં પહેનાર વ્યક્તિ પાસેથી વ્યક્તિ દીઠ ૧૦૦ રૂપિયાનો દંડ અને જો નાવડીના ઇજારદાર દ્વારા લાઇફ જેકેટ બાબતે ચુક થશે તો તેની પાસેથી ૫૦૦ રૂપિયા દંડ પેટે વસુલાત કરવામાં આવશે.

# WEATHER

રાજ્યમાં ફરી એકવાર વરસાદી માહોલ સર્જાશે. 29 અને 30 માર્ચે કચ્છ અને ઉત્તર ગુજરાતના જિલ્લાઓમાં માવઠાની આગાહી છે. કચ્છ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર અને દાહોદ જિલ્લામાં વરસાદની શક્યતા છે હવામાન વિભાગના નિયામક ડૉ. ડૉ.એ કે દાસે જણાવ્યું હતું કે 28 માર્ચની રાતથી ઉત્તર-પશ્ચિમ ભારતમાં એક નવું પશ્ચિમી વિક્ષોભ સક્રિય થવાને કારણે આ ફેરફાર જોવા મળશે.

**(બાઇટ : Dr. A.K. Das, Director Meteorological Department)**

બીજી તરફ કચ્છ જિલ્લાના વાતાવરણમાં આજે બપોર બાદ પલટો આવ્યો હતો. ભુજ અને અંજાર તાલુકાના ગામોમાં કરા સાથે કમોસમી વરસાદ વરસ્યો હતો. દરમિયાન વલસાડમાં ગરમીનો પારો 36 ડિગ્રી પાર થતાં જનજીવન પ્રભાવિત થયું. ત્યારે લોકોએ દરિયાકિનારે શીતળ પવનોની મજા માણી હતી.

# JUDO SPARDHA

પંજાબ ખાતે યોજાયેલી અખિલ ભારતીય આંતર યુનિવર્સિટી જુડોની સ્પર્ધામાં સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટીનાં જુડો ખેલાડી આર્યન પટેલે -૭૩ કિલોગ્રામ વજન વર્ગમાં કેટગરીમાં તેમજ રમેશ ચૌધરી એ -૧૦૦ કિલોગ્રામ વજન વર્ગમાં  કેટેગરીમાં સમગ્ર ભારતમાં ત્રીજું સ્થાન મેળવી કાંસ્ય ચંદ્રક મેળવ્યો હતો. આ સ્પર્ધામાં સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટીના કુલ 4 ખેલાડીઓએ ભાગ લીધો હતો.

# VAV THARAD GOBARGAS

વાવ થરાદ જિલ્લાના દિયોદર તાલુકાના નવા ગામના પશુપાલકો અને ગ્રામજનોએ આત્મનિર્ભરતા તરફ એક મોટું ડગલું માંડ્યું છે. બનાસડેરી અને સરકારની વિશેષ પ્રોત્સાહક યોજના હેઠળ બે વર્ષ પૂર્વે આ ગામના 200 જેટલા ઘરોમાં ગોબર ગેસ પ્લાન્ટ સ્થાપિત કરાયા હતા. આજે આ તમામ પરિવારો પશુઓના છાણમાંથી ઉત્પન્ન થતા ગોબર ગેસ પર જ પોતાના પરિવારની રસોઈ બનાવી રહ્યા છે. આ પહેલને કારણે ગ્રામીણ મહિલાઓને ધુમાડામાંથી મુક્તિ મળી છે, સાથે જ LPG સિલિન્ડરના ખર્ચમાંથી પણ કાયમી છુટકારો મળ્યો છે.

# PORBANDAR COASTGUARD

પોરબંદરના દરિયામાં આજે ભારતીય તટરક્ષક દ્વારા પ્રાદેશિક શોધ અને બચાવ કવાયત યોજાઇ. જેમાં વિવિધ સુરક્ષા એજન્સીઓએ દરિયાઈ રાહત બચાવની કામગીરી બતાવી હતી. આ કવાયતમાં તટરક્ષકના 8 જેટલા જહાજ તથા એરક્રાફ્ટ સામેલ થયા હતા.

# MORBI – VANDE MATARAM @150 YEARS

રાષ્ટ્રગીત ‘વંદે માતરમ્’ ના ૧૫૦ વર્ષ પૂર્ણ થવાના અવસરે ‘મોરબી જિલ્લામાં પદયાત્રા રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વિકાસ પદયાત્રાને મહાનુભાવોએ મણી મંદિર ખાતેથી પ્રસ્થાન કરાવી હતી. દેશભક્તિના સૂત્રોચ્ચાર સાથે આ પદયાત્રાની  ત્રિકોણબાગ ખાતે મહાત્મા ગાંધીજીના સ્ટેચ્યુ ખાતે પૂર્ણાહુતિ કરવામાં આવી હતી.

આ પ્રસંગે વિદ્યાર્થીઓને વંદે માતરમની ઐતિહાસિક પૃષ્ઠભૂમિ અને ભારતના સંવિધાન અને સંસ્કૃતિમાં તેના મહત્વ વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા.